Wednesday
11.06.2025
*Volume :9 * Issue No.328
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

## મોદી ૩.૦માં, નવુંભારત સુધારા, પ્રદર્શન અને પરિવર્તનની શકિત દ્વારા વિકાસ અને આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે:કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

**કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ કહે છે કે મોદી સરકારના ઐતિહાસિક ૧૧ વર્ષ સંકલ્પ, સમર્પણ અને જાહેર સેવા પ્રત્યેની નિષ્ઠાનો સુવર્ણ યુગ રહ્યા છે**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો, મહિલાઓ, પછાત વર્ગો, દલિતો અને વંચિતોને શાસનના કેન્દ્રમાં લાવીને, તુષ્ટિકરણને બદલે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" પર આધારિત કાર્ય સંસ્કૃતિનો ઉપયોગ કર્યો છે**



**સેવાના આ ૧૧ વર્ષ દરમિયાન, દેશમાં આર્થિક પુનરુત્થાન, સામાજિક ન્યાય, સાંસ્કૃતિક ગૌરવ અને રાષ્ટ્રીય સુરક્ષાનો નવો યુગ જોવા મળ્યો છે**

**મોદી સરકારે સાબિત કર્યું છે કે જ્યારે નેતૃત્વ સ્પષ્ટ, અવિચલ અને જાહેર સેવા પર કેન્દ્રિત હોય છે, ત્યારે સેવા, સુરક્ષા અને સુશાસનમાં નવા સીમાચિહ્નો પ્રાપ્ત થાય છે**

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું છે કે મોદી સરકારના ઐતિહાસિક ૧૧ વર્ષ સંકલ્પ, સમર્પણ અને જાહેર સેવા પ્રત્યેની નિષ્ઠાનો સુવર્ણ યુગ રહ્યા છે. શ્રી અમિત શાહે 'X' પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં કહ્યું કે સેવાના આ ૧૧ વર્ષ દરમિયાન, દેશમાં આર્થિક પુનરુત્થાન, સામાજિક ન્યાય, સાંસ્કૃતિક ગૌરવ અને રાષ્ટ્રીય સુરક્ષાનો નવો યુગ જોવા મળ્યો છે. મોદી સરકારે સાબિત કર્યું છે કે, જ્યારે નેતૃત્વ સ્પષ્ટ, અટલ અને જાહેર સેવા પર કેન્દ્રિત હોય છે, ત્યારે સેવા, સુરક્ષા અને સુશાસનમાં નવા સીમાચિહ્નો પ્રાપ્ત થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે જ્યારે મોદીજીએ ૨૦૧૪માં દેશની કમાન સંભાળી ત્યારે નીતિગત અડચણો હતી. સ્પષ્ટ નીતિઓ કે નેતૃત્વ નહોતું અને સરકારમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ હતો. અર્થતંત્ર નાજુક હતું અને શાસન વ્યવસ્થા દિશાહીન હતી. જાહેર સેવાના આ ૧૧ વર્ષોમાં, 'લઘુત્તમ સરકાર, મહત્તમ શાસન'ના અભિગમે દેશના વિકાસની ગતિ અને માપદંડ બંનેને બદલી નાખ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો, મહિલાઓ, પછાત વર્ગો, દલિતો અને વંચિતોને શાસનના કેન્દ્રમાં લાવ્યા છે. તુષ્ટિકરણને બદલે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" પર આધારિત કાર્ય સંસ્કૃતિ અપનાવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે જાહેર સેવાના આ ૧૧ વર્ષો દરમિયાન, રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. નક્સલવાદ તેના છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વમાં શાંતિ સ્થાપિત થઈ છે અને ભારત હવે આતંકવાદીઓના પોતાના વિસ્તારમાં હુમલો કરીને આતંકવાદી હુમલાઓનો જવાબ આપે છે. આ મોદી સરકાર હેઠળ ભારતની બદલાતી છબીને પ્રતિબિંબિત કરે છે. મોદી ૩.૦ માં, નવું ભારત સુધારા, પ્રદર્શન અને પરિવર્તનની શક્તિ દ્વારા વિકાસ અને આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને ભારતને દરેક ક્ષેત્રમાં નંબર વન બનાવવાની આ યાત્રા એ જ રીતે ચાલુ રહેશે.

# મોદી સરકાર સરહદી વિસ્તારોના નાગરિકો સાથે મજબૂત રીતે ઉભી છે :કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા સરહદી વિસ્તારોમાં નુકસાન પામેલા ઘરો માટે વધારાના વળતરની જાહેરાત બાદ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે તાત્કાલિક કાર્યવાહીની ખાતરી આપી છે અને ગૃહ મંત્રાલય તરફથી ૨૦૬૦ ઘરો માટે ૨૫ કરોડ રૂપિયાની વધારાની જોગવાઈ કરી છે**



**ખાસ કેસ તરીકે, પ્રધાનમંત્રી મોદીજી દ્વારા સંપૂર્ણપણે નુકસાન પામેલા દરેક ઘર માટે ૨ લાખ રૂપિયા અને આંશિક રીતે નુકસાન પામેલા દરેક ઘર માટે ૧ લાખ રૂપિયાની વધારાની વળતર રકમની જાહેરાત ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ તાજેતરમાં ઓપરેશન સિંદૂર પછી જમ્મુ અને કાશ્મીરના સરહદી જિલ્લાઓમાં પાકિસ્તાની ગોળીબારમાં નુકસાન પામેલા ઘરો માટે વધારાના વળતરની જાહેરાત કરી હતી**

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સરહદી વિસ્તારોમાં નુકસાન પામેલા ઘરો માટે વધારાના વળતર અંગેની જાહેરાત બાદ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગૃહ મંત્રાલય તરફથી ૨,૦૬૦ ઘરો માટે ૨૫ કરોડની વધારાની જોગવાઈ કરીને ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઓપરેશન સિંદૂર બાદ જમ્મુ અને કાશ્મીરના સરહદી જિલ્લાઓમાં પાકિસ્તાની ગોળીબારથી નુકસાન પામેલા ઘરો માટે વધારાના વળતરની જાહેરાત કરી હતી. ખાસ કેસ તરીકે, પ્રધાનમંત્રી મોદીએ દરેક સંપૂર્ણ નુકસાન પામેલા ઘર માટે ૨ લાખ અને દરેક આંશિક નુકસાન પામેલા ઘર માટે ૧ લાખનું વધારાનું વળતર જાહેર કર્યું હતું. ગૃહ મંત્રાલયે આ નિર્ણયનો ઝડપી અમલ સુનિશ્ચિત કર્યો છે. પંજાબના સરહદી વિસ્તારોમાં પણ આવું જ વળતર આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે ૨૯-૩૦ મે ૨૦૨૫ના રોજ પૂંચની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, તેમણે સરહદ પારથી ગોળીબારમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારના સભ્યોને કરુણાના ધોરણે નિમણૂક પત્રો સોંપ્યા હતા. ધોરણો મુજબ, સરહદ પારથી થયેલા ગોળીબારથી થયેલા નુકસાન માટે તાત્કાલિક વળતર આપવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂર પછી, જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના સરહદી જિલ્લાઓમાં સરહદ પારથી ગોળીબારની ઘણી ઘટનાઓ નોંધાઈ હતી. રહેણાંક વિસ્તારો, શાળાઓ, ગુરુદ્વારા, મંદિરો, મસ્જિદો અને વાણિજ્યિક મિલકતો સહિત ધાર્મિક સ્થળો પર સરહદ પારથી ગોળીબાર થવાથી સેંકડો પરિવારોને નુકસાન થયું હતું. વહીવટીતંત્રે સંભવિત ઘટનાઓની આગાહી કરવા અને અસરકારક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધાં હતાં. સરહદી જિલ્લાઓમાંથી કુલ ૩.૨૫ લાખ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા હતા, જેમાંથી લગભગ ૧૫,૦૦૦ લોકોને ખોરાક, પાણી, આરોગ્ય સંભાળ, વીજળી વગેરે સુવિધાઓથી સજ્જ લગભગ ૩૯૭ આશ્રય શેડ/આવાસ કેન્દ્રોમાં રાખવામાં આવ્યા હતા. દર્દીઓને સારવાર માટે હોસ્પિટલોમાં લઈ જવા માટે તમામ સરહદી જિલ્લાઓમાં કુલ ૩૯૪ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી, જેમાંથી ૬૨ એમ્બ્યુલન્સ એકલા પૂંચ જિલ્લામાં તૈનાત કરવામાં આવી હતી. આરોગ્ય, અગ્નિ અને કટોકટી સેવાઓ, પશુધન, આવશ્યક પુરવઠો વગેરે સંબંધિત સેવાઓ માટે કુલ ૨૮૧૮ નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોને પણ તૈનાત કરવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લેતા ફિનલેન્ડના રાજદૂત શ્રી કિમ્મો લાહદેવીર્તા

**સ્ટાર્ટપ કો-ઓપરેશન – સ્કીલિંગ - એજ્યુકેશન અને રીન્યુએબલ એનર્જી તથા સસ્ટેઈનેબિલિટીના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની તત્પરતા**









કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારતમાં ફિનલેન્ડના રાજદૂત શ્રી કિમ્મો લાહદેવીર્તાએ ગાંધીનગરમાં લીધી હતી. ફિનલેન્ડમાં ગુજરાતના ઉદ્યોગ-રોકાણકારોને વેગ આપવા સાથે ફિનલેન્ડ-ભારત, ગુજરાત વચ્ચે એજ્યુકેશન, સસ્ટેઈનેબિલિટી અને ડેવલોપમેન્ટ માટેના પ્રયાસો વેગવાન બનાવવા ફિનલેન્ડની કોન્સ્યુલેટ ઓફિસ અમદાવાદમાં કાર્યરત કરવામાં આવી છે અને શ્રી કુલીન લાલભાઈની માનદ કોન્સ્યુલેટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ફિનલેન્ડના રાજદૂત આ સંદર્ભમાં તેમના પ્રતિનિધિ મંડળ સાથે ગુજરાતની મુલાકાતે આવેલા છે અને તેમણે શ્રી કુલીન લાલભાઈ અને તેમના પ્રતિનિધિ મંડળ સાથે મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત બેઠક યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ફિનલેન્ડે હેપીનેસ ઈન્ડેક્સ અને સ્કૂલ એજ્યુકેશનમાં જે સિદ્ધિ મેળવી છે તે વિશે જાણવામાં અને ફિનલેન્ડમાં કાર્યરત ફિનિશ સ્કૂલ સિસ્ટમનો અભ્યાસ કરવામાં ગુજરાતની ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લીડરશીપમાં ગુજરાત આજે એજ્યુકેશન અને સ્ટાર્ટઅપ સેક્ટરમાં અગ્રેસર છે. સ્ટાર્ટઅપને ફંડિંગ અને માર્કેટ સપોર્ટ આપીને આત્મનિર્ભર બનાવવા સરકાર સહયોગ કરે છે. ફિનલેન્ડ પણ સ્કિલિંગ અને એજ્યુકેશનના ક્ષેત્રોમાં જે તજજ્ઞતા ધરાવે છે તેનો લાભ રાજયના સ્ટાર્ટઅપને સ્કેલઅપ કરવામાં મળે તે માટે ગુજરાત-ફિનલેન્ડ વચ્ચે સ્ટાર્ટઅપ કો-ઓપરેશનમાં તેમણે રસ દાખવ્યો હતો. ફિનલેન્ડના રાજદૂતે પણ ગુજરાતે રિન્યુએબલ એનર્જી, ગ્રીન ટ્રાન્ઝિશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જે ઈકો સિસ્ટમ ઊભી કરી છે તેની સરાહના કરી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં ૧૦ જેટલી ફિનિશ કંપનીઝ કાર્યરત છે અને અન્ય કંપનીઓએ રોકાણ- કારોબાર માટે ઉત્સુકતા વ્યક્ત કરી છે. તેમણે ગુજરાતની તેમની આ મુલાકાતને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે, અમદાવાદમાં ફિનલેન્ડની કોન્સ્યુલેટ ઓફિસ કાર્યરત થતાં ગુજરાત-ફિનલેન્ડના સંબંધોમાં નવું પ્રકરણ ઉમેરાયું છે. આ મુલાકાત બેઠક દરમિયાન ગુજરાત-ફિનલેન્ડ વચ્ચે રિન્યુએબલ એનર્જી, સ્કીલિંગ, સ્ટાર્ટાપ કો-ઓપરેશન અને એજ્યુકેશનના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગથી આગળ વધવાની દિશામાં ફળદાયી પરામર્શ થયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રીન એનર્જી, રીન્યુએબલ એનર્જી ઉપરાંત એનર્જી સ્ટોરેજમાં પણ ફીનલેન્ડ આગળ વધી શકે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ તેમજ અગ્રણીઓ જોડાયા હતા.

## તંત્રી સ્થાનેથી......

શિક્ષણને વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન માનનારા વડાપ્રધાનશ્રીએ નવી શિક્ષણ નીતિ દ્વારા ભારતના ભવિષ્યના નાગરિકોને આધુનિક્તા અને સંસ્કાર સાથે ઘડવાની દિશામાં મજબૂત પગલાં ભર્યાં છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાન સાથે સંસ્કાર પણ અનિવાર્ય છે.તેમણે કહ્યું કે, પ્રાચીન ગુરુકુળ પરંપરામાં રાજકુમારો ઋષિ મુનિઓ પાસેથી શિક્ષા અને દિક્ષા મેળવતા હતા. ભગવાન રામે વશિષ્ઠ અને વિશ્વામિત્ર મુનિ પાસેથી શિક્ષણ લીધું હતું, તો ભગવાન શ્રી કૃષ્ણે સાંદીપની ઋષિ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એ જ ગુરુકુળ સંસ્કૃતિ આજે આધુનિક માધ્યમો સાથે ફરી પ્રાચીન પરંપરાને ઉજાગર કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે નવનિર્મિત સ્વામિનારાયણ ગુરુકુળનું ઉદઘાટન કરી વિદ્યારંભ કરાવ્યો હતો. તેમની સાથે સંતોમહંતો અને મહાનુભાવો પણ જોડાયા હતા. શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉક્ત સંદર્ભમાં ઉમેર્યું કે, આજના સમયમાં આવી સંસ્થાઓ આપણી ગુરુકુળ પરંપરાને આધુનિક્તાની સાથે જોડીને વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં, પરંતુ જીવન ઘડતર માટેની મૂલ્યનિષ્ઠ, સંસ્કારયુક્ત તાલીમ પણ આપી રહી છે. આધુનિક છાત્રાલય અને ટેક્નોલોજીથી સુસજ્જ સ્કૂલ કેમ્પસની સ્થાપનાથી શિક્ષણક્ષેત્રે એક નવી યાત્રા શરૂ થઈ રહી છે. સ્વામિનારાયણ સંસ્થાનું આ ગુરુકુળ, વિશિષ્ટ રીતે રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર અને આધ્યાત્મના આધાર પર ઉજ્જવળ ભવિષ્ય માટેની પેઢી તૈયાર કરશે. તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રાચીન નાલંદા, તક્ષશિલા જેવી વિદ્યાપીઠોની પરંપરાને આગળ વધારતી નવી શિક્ષણ નીતિ હેઠળ વડાપ્રધાનશ્રીએ સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓની સ્થાપના કરી છે. પ્રથમવાર ભારતની પરંપરા સાથે સંકળાયેલી અને માતૃભાષા આધારિત શિક્ષણ વ્યવસ્થા અમલમાં આવી છે. રાજ્ય સરકાર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં ગુણોત્સવ અભિયાન થકી ગુણવત્તામાં સુધારો લાવી રહી છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી દીકરીઓના શિક્ષણમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમ મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું હતું. શ્રી પટેલે સગૌરવ જણાવ્યું કે, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓ દ્વારા વિજ્ઞાનપ્રવાહ તરફ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળ્યું છે. માત્ર એક વર્ષમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો નોંધાયો છે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અને વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી શિક્ષણમાં સ્ટાન્ડર્ડ અને ક્વોલિટી બંને બાજુ વિકાસ થયો છે. પ્રધાનમંત્રીશ્રીએ ૨૦૪૭ સુધી ભારતને વિકાસશીલ નહિ, પણ "વિકસિત ભારત" તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌએ શિક્ષિત, સંસ્કારયુક્ત અને સંકલ્પશીલ એવી "અમૃત પેઢી" ઘડવી પડશે, તેવું આહ્વાન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જેવી સંસ્થાઓ "એક પેડ માટે કેટધ રેન" અને "સિંગલ યુઝ પ્લાસ્ટિક વિમુક્તિ" જેવા વડાપ્રધાનશ્રીએ શરુ કરેલા પર્યાવરણ હિતના અભિયાનોમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઓપરેશન સિંદૂરની અવિસ્મરણીય સફળતા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભારતમાતાની રક્ષા માટે અપ્રતિમ શૌર્ય દર્શાવનાર ભારતીય સેનાના તમામ બહાદુર જવાનોને પ્રારંભે અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યું કે, આ અભિયાન દ્વારા વડાપ્રધાનશ્રીએ આતંકવાદ સામેની ભારતની લડાઈને એક નવી દિશા આપી છે. તેમણે રાષ્ટ્રરક્ષાનું એવું ઉદાહરણ પૂરું પાડ્યું છે કે જે ભવિષ્યની પેઢીઓને દેશસેવા માટે પ્રેરણા આપશે.

## દાહોદ જિલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ સિદ્ધરાજ જયસિંહ તળાવ ખાતે યોજાશે



કમલમ્,દાહોદ

વિશ્વ યોગ દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ સબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને વિડીયો કોન્ફરન્સ દ્વારા સ્ટેજ, મંડપ, મેડિકલ વ્યવસ્થા, સાફ સફાઈ, પીવાનું પાણી, સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈવ સ્ક્રીન વગેરેની વ્યવસ્થા કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં લોકો વધુને વધુ સહભાગી બને તે માટે યોગ્ય કામગીરી કરવા પણ અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો રાજદીપસિંહ ઝાલા,પ્રાયોજના વહીવટ દાર શ્રી દેવેન્દ્ર મીણા, નિવાસી અધિક કલેકટર શ્રી જે.એમ.રાવલ, નાયબ વન સંરક્ષક શ્રી મીતેશ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.આર.હરદાસાણી, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એસ.એલ દામા, જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી શ્રી આરતસિંહ બારીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદયટીલાવત,જિલ્લા રમત ગમત અધિકારી શ્રી અમરસિંહ રાઠવા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી જીગ્નેશ ડાભી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોર્ડીનેટર, યોગ સાથે સંકળાયેલ સંસ્થાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત તેની યુવા શકિતના કારણે વૈશ્વિક પડકારોનો ઉકેલ શોધવામાં વિશ્વમાં મોખરે છે: લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલા

## ભારતના યુવાનો નોકરી શોધનારાઓને બદલે નોકરી આપનારા બની રહ્યા છે: લોકસભા અધ્યક્ષ







ભારતના યુવાનો 'વિકસિત ભારત' તરફની દેશની યાત્રામાં સક્રિય સહભાગી બનશે: લોકસભા અધ્યક્ષ

## ભારત આધુનિક વિજ્ઞાન અને તેના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની બેવડી શક્તિનો ઉપયોગ કરીને વૈશ્વિક મંચ પર આગળ વધી રહ્યું છે: લોકસભા અધ્યક્ષ

કમલમ્,

લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ આજે કહ્યું કે ભારત તેના યુવાનોની પ્રતિભા અને ક્ષમતાના બળ પર વૈશ્વિક પડકારોનો ઉકેલ શોધવામાં વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતના યુવાનોએ દેશના સામાજિક, આર્થિક અને તકનીકી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. લોકસભા અધ્યક્ષે યુવાનોને દેશના ભલા માટે નવીનતમ ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ કરવા પ્રેરણા આપી. ભારતીય ટેકનોલોજી સંસ્થા (IIT), જોધપુર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, શ્રી બિરલાએ જણાવ્યું હતું કે ભારત આધુનિક વિજ્ઞાન અને તેના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની બેવડી શક્તિઓનો ઉપયોગ કરીને વૈશ્વિક મંચ પર આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે ભારતના યુવાનો નોકરી શોધનારાઓને બદલે નોકરી આપનારા બનવા તરફ આગળ વધી રહ્યા છે અને એ આ પરિવર્તનમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે IIT સ્નાતકોએ દેશમાં સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમને મજબૂત બનાવવામાં અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે વિશ્વભરમાં પ્રતિભાશાળી અને નવીન ભારતીય યુવાનોની ભારે માંગ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતના યુવાનોએ 'વિકસિત ભારત' તરફ દેશની સફરમાં સક્રિય સહભાગી બનવું જોઈએ. આ પ્રસંગે, શ્રી બિરલાએ IIT, જોધપુરના અત્યાધુનિક લેકચર હોલ કોમ્પ્લેક્સ-IIનું ઉદ્ઘાટન કર્યું હતું. લોકસભા અધ્યક્ષે ભાર મૂક્યો કે દેશની પ્રગતિ આધુનિક ટેકનોલોજી અને તેની આધ્યાત્મિક પરંપરાઓમાં સમાવિષ્ટ શાશ્વત મૂલ્યોના સુમેળભર્યા એકીકરણમાં રહેલી છે. તેમણે કહ્યું કે આ સંતુલિત અભિગમ માત્ર નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપતો નથી, પરંતુ વૃદ્ધિ નૈતિક, સમાવિષ્ટ અને ટકાઉ પણ છે તેની ખાતરી કરે છે. વૈજ્ઞાનિક જ્ઞાન અને આધ્યાત્મિક શાણપણ બંનેને અપનાવીને, ભારત સર્વાંગી રાષ્ટ્રીય વિકાસ તરફ એક અનોખો માર્ગ બનાવી રહ્યું છે. શ્રી ઓમ બિરલાએ રમકડાંના ઉત્પાદનથી લઈને સંરક્ષણ સાધનો સુધીના વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવામાં ભારતની સફળતા પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી બિરલાએ ભાર મૂક્યો કે આવા પ્રયાસો, ભારતના ડિજિટલ ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા, આત્મનિર્ભર ભારત પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને નોંધપાત્ર પ્રોત્સાહન આપે છે. દેશમાં ટેકનિકલ શિક્ષણને આગળ વધારવામાં IITની ભૂમિકાની પ્રશંસા કરતા, લોકસભા અધ્યક્ષે કહ્યું કે દેશની દરેક કોલેજ અને યુનિવર્સિટીએ નવીનતા અને શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે ભાર મૂક્યો કે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓથી આગળ વધવું જોઈએ અને વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણ કૌશલ્યને સક્રિયપણે પ્રોત્સાહન આપવું જોઈએ. સંશોધન, ઉદ્યોગસાહસિક્તા અને ઉદ્યોગ સાથે સહયોગને પ્રોત્સાહન આપીને, આ સંસ્થાઓ વિજ્ઞાન, ટેકનોલોજી અને જ્ઞાન-આધારિત ક્ષેત્રોમાં ભારતના વિકાસને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે વધુમાં કહ્યું કે IITમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આધુનિક ટેકનોલોજીને ભારતીય વિચારસરણી અને નવા અભિગમો સાથે જોડીને ભારતને ગૌરવ અપાવ્યું છે. લોકસભા અધ્યક્ષે કહ્યું કે શૈક્ષણિક જગ્યાઓ ફક્ત શીખવાની જગ્યાઓ ન હોવી જોઈએ પરંતુ જીવંત ઈકોસિસ્ટમ હોવી જોઈએ. જ્યાં વિચારોનું પોષણ થાય છે, પ્રતિભા વિકસિત થાય છે અને ભાવિ નેતાઓનું નિર્માણ થાય છે. તેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ, ફેકલ્ટી વિકાસ અને અત્યાધુનિક માળખાગત સુવિધાઓ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી જેથી ભારતીય કોલેજો અને યુનિવર્સિટીઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા અને રાષ્ટ્રીય વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સારી રીતે સજ્જ હોય. IIT જોધપુરની ભવ્ય યાત્રાને યાદ કરતા, શ્રી બિરલાએ કહ્યું કે IIT જોધપુરે તેના કેન્દ્રિત દ્રષ્ટિકોણ અને સખત મહેનત સાથે વૈશ્વિક સંશોધન, નવીનતા અને સમાજમાં વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે કહ્યું કે IIT જોધપુરે રાજસ્થાનના રણ પ્રદેશમાં યુવાનોને એક નવો દ્રષ્ટિકોણ આપીને પરિવર્તનકારી ભૂમિકા ભજવી છે. લોકસભા અધ્યક્ષે IIT જોધપુરના ડિરેક્ટર પ્રોફેસર અવિનાશ કે. અગ્રવાલના દૂરંદેશી નેતૃત્વ અને વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝન તરફ નવીનતા, સંરક્ષણ ટેકનોલોજી અને ટકાઉ વિકાસમાં સંસ્થાના મહત્વપૂર્ણ પહેલની પ્રશંસા કરી હતી. લોકસભા અધ્યક્ષે કહ્યું કે ભૌગોલિક રીતે પડકારજનક વિસ્તારમાં સ્થિત આ સંસ્થા આશા અને પ્રગતિનું પ્રતીક બની ગઈ છે, જે યુવાનોને વિશ્વસ્તરીય શિક્ષણ, અદ્યતન સંશોધન અને નવીન વિચારસરણીની સુવિધા પૂરી પાડે છે. આ પ્રસંગે, શ્રી બિરલાએ IIT ખાતે 'રિસર્ચ ઈનિશિયેટિવ ગ્રાન્ટ'નું પણ વિતરણ કર્યું હતું, જે સંશોધકો અને નવીનતા પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપશે. આ સાથે, તેમણે સંસ્થાની નવી સત્તાવાર વેબસાઈટ પણ લોન્ચ કરી અને કેમ્પસમાં એક વૃક્ષ વાવ્યું હતું.

# કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે ભારત-સ્વિટ્ઝર્લેન્ડ આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા માટે સ્વિસ ઉદ્યોગ સાથે વાતચીત કરી

## શ્રી ગોયલે બાયોટેક, હેલ્થકેર, સંરક્ષણ, પ્રિસિઝન એન્જિનિયરિંગ અને ઉભરતી ટેકનોલોજીઓ પર સ્વિસ ઉદ્યોગ રાઉન્ડ ટેબલની અધ્યક્ષતા કરી

કમલમ્,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે ૯ જૂન ૨૦૨૫ના રોજ સ્વિટ્ઝર્લેન્ડના બર્નમાં સ્વિસ ઉદ્યોગના નેતાઓ સાથે વ્યાપક બેઠકો યોજી હતી. જેનો ઉદ્દેશ્ય ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) વચ્ચે તાજેતરમાં હસ્તાક્ષરિત વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) હેઠળ આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવવા અને નવા માર્ગો શોધવાનો હતો. મંત્રીએ વિવિધ ક્ષેત્રોની અનેક અગ્રણી સ્વિસ કંપનીઓના નેતૃત્વને મળ્યા અને ભારતીય અને સ્વિસ સાહસો વચ્ચે સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જેમાં નવીનતા, ટેકનોલોજી ટ્રાન્સફર અને ટકાઉ ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રીએ સ્વિસ કંપનીઓને ભારતમાં તેમનો વ્યાપ વિસ્તારવા અને દેશના ગતિશીલ અને ઝડપથી વિકસતા બજારનો લાભ લેવા માટે ઉષ્માભર્યું આમંત્રણ આપ્યું હતું. શ્રી ગોયલે પારદર્શક નિયમનકારી પ્રક્રિયાઓ, મજબૂત બૌદ્ધિક સંપદા શાસન અને રોકાણ-લક્ષી નીતિ માળખા દ્વારા અનુકૂળ વ્યવસાયિક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે ભારતના નેતૃત્વની અતૂટ પ્રતિબદ્ધતાની ખાતરી આપી હતી. તેમણે સ્વિસ વ્યવસાયોને ભારતને માત્ર એક બજાર તરીકે જ નહીં, પરંતુ ઉત્પાદન, પ્રતિભા અને નવીનતા માટે વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે જોવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ વ્યૂહાત્મક ચર્ચાઓ પછી, મંત્રીએ સ્વિસ ઉદ્યોગના ક્ષેત્રીય નેતાઓ સાથે બે કેન્દ્રિત રાઉન્ડટેબલ બેઠકોની અધ્યક્ષતા કરી હતી, જેમાં બાયોટેક અને ફાર્મા, આરોગ્યસંભાળ અને સટીક એન્જિનિયરિંગ, સંરક્ષણ અને ઉભરતી ટેકનોલોજીઓનો સમાવેશ થાય છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય દૂતાવાસના સહયોગથી આયોજિત, આ સત્રોમાં ભારતના સ્કેલ, શક્તિઓ અને ઉભરતી નવીનતા ઈકોસિસ્ટમ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

મંત્રીએ સ્વિસ વ્યવસાયોને ઈન્વેસ્ટ ઈન્ડિયા ખાતે સમર્પિત ઈછ્છ ડેસ્કનો લાભ લેવા અને સમર્થન પૂરું પાડવા હાકલ કરી હતી. તેમણે નિયમનકારી સુમેળ અને પરસ્પર માન્યતા કરારો તરફ કામ કરવાની ભારતની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો, સ્વિસ અને ભારતીય રોકાણોને પ્રોત્સાહિત કરવા માટે પારસ્પરિક સેતુ બનાવવા પર ભારતના સક્રિય વલણ પર પ્રકાશ પાડ્યો હતો. ઉદ્યોગો સાથે વાતચીત કરવા ઉપરાંત, મંત્રીએ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) ના સ્વિટ્ઝર્લેન્ડ ચેપ્ટરના સભ્યોને પણ મળ્યા હતા. તેમણે તેમના યોગદાન અને ICAIના ઉચ્ચ ધોરણો અને વૈશ્વિક પ્રતિષ્ઠાને જાળવી રાખવા બદલ ચેપ્ટરની પ્રશંસા કરી, ભારત-સ્વિટ્ઝર્લેન્ડ વ્યાવસાયિક અને વ્યવસાય ઈકોસિસ્ટમને મજબૂત બનાવ્યું હતું. બાયોટેકનોલોજી, ચોકસાઈ ઉત્પાદન, આરોગ્યસંભાળ, ઓટોમેશન, સંરક્ષણ, સાયબર સુરક્ષા અને અદ્યતન સામગ્રી સહિત વિવિધ ક્ષેત્રોના સ્વિસ ઉદ્યોગ નેતાઓએ વૈશ્વિક આર્થિક પાવરહાઉસ અને નવીનતા-આધારિત વિકાસ ગંતવ્ય તરીકે ભારતના માર્ગમાં દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કંપનીઓએ ભારતની અનન્ય શકિતઓની જેમ કે એક વિશાળ અને ગતિશીલ બજાર, વધતો મધ્યમ વર્ગ, વિશ્વ-



શ્રી ગોયલે સ્વિસ કંપનીઓને ભારતને ઉત્પાદન, પ્રતિભા અને નવીનતા માટે વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે જોવાનો આગ્રહ કર્યો

સ્તરીય એન્જિનિયરિંગ અને વૈજ્ઞાનિક પ્રતિભા અને એક નીતિ વાતાવરણ જે સક્રિયપણે વ્યવસાય કરવાની સરળતા, IP સુરક્ષા અને ટેકનોલોજી ભાગીદારીને પ્રોત્સાહન આપવાની પ્રશંસા કરી હતી. ઘણા લોકો માટે ભારત માત્ર એક આશાસ્પદ બજાર નથી પણ ઉત્પાદન, સંશોધન અને વિકાસ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉકેલોના સહ-નિર્માણ માટે એક આદર્શ આધાર પણ છે. ઘણી કંપનીઓએ ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોને સેવા આપવા માટે સંયુક્ત સાહસો બનાવવા, કામગીરીનું વિસ્તરણ અને ઉત્પાદનનું સ્થાનિકીકરણ કરવામાં સક્રિય રસ દર્શાવ્યો હતો. અત્યાધુનિક કેન્સર સારવાર અને સેલ સાયન્સથી લઈને ઔદ્યોગિક ઓટોમેશન, ફાઈબર ઓપ્ટિક્સ, અવકાશ ટેકનોલોજી અને ડિજિટલ સુરક્ષા સુધી, સ્વિસ કંપનીઓએ ભારતની વિકાસલક્ષી પ્રાથમિકતાઓ અને ક્ષેત્રીય વિકાસ યોજનાઓ સાથે તેમના જોડાણ પર ભાર મૂક્યો હતો. ભાવના વ્યૂહાત્મક સંરેખણ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતાનો હતો. ઘણા સહભાગીઓએ ભારતને કુદરતી ભાગીદાર ગણાવ્યું અને વૃદ્ધિના આગામી તબક્કામાં રોકાણ કરવાની તૈયારી દર્શાવી - માત્ર સ્થાનિક માંગને પહોંચી વળવા માટે જ નહીં, પરંતુ ભારતને તેમની વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં એક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે પણ તૈયારી દાખવી હતી.

# કડી વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવારના સમર્થનમાં કાર્યકર્તા સંમેલન પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશકિતમંત્રીશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું.

**વિસાવદરની પેટા ચૂંટણીમાં વિપક્ષના ઉમેદવાર કે જેમના સમર્થનમાં દિલ્હીના માજી મુખ્યમંત્રી આવ્યા તેમજ પંજાબના મુખ્યમંત્રી આવ્યા પરંતુ ગુજરાતના એક પણ નેતા ઉમેદવાર પત્ર ભરવા માટે હાજર ન હતા કારણ કે ગુજરાતમાં તેમનો એક પણ નેતા કે આગેવાન જ નથી. – શ્રી સી.આર.પાટીલ**






કમલમ્,
ભારતીય જનતા પાર્ટી ગુજરાતપ્રદેશ મીડિયા વિભાગ એકઅખબારી યાદીમાંજણાવે છે કે, આજ રોજ વિસાવદર ખાતે કાર્યકર સંમેલનને સંબોધ્યા પછી કડી ખાતે પેટા ચૂંટણીના ઉમેદવારના સમર્થનમાં કાર્યકર્તા સંમેલન કેન્દ્રિય જળશક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું. આ કાર્યક્રમમાં પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પ્રાસંગીક સંબોધન કર્યુ હતું.

કેન્દ્રિય જળશક્તિમંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાતમા બેવિધાનસભામાં પેટાચૂંટણી યોજાવાની છેત્યારે બંને બેઠક જીતવી ખૂબ જ જરૂરી છે. ૧૮૨ માથી ૧૫૬ બેઠકજીતવાનો રેકોર્ડ ગુજરાતે ૨૦૨૨માં બનાવ્યો હતા ત્યારે આ બે બેઠક જીત્યા પછી વિધાનસભામાં ૧૬૩ નું મજબૂત સંખ્યાબળ બનવાનું છે. વિસાવદરની પેટા ચૂંટણીમાં વિપક્ષના ઉમેદવાર કે જેમના સમર્થનમાં દિલ્હીના માજી મુખ્યમંત્રી આવ્યા અને પંજાબના મુખ્યમંત્રી આવ્યા પરંતુ ગુજરાતના એક પણનેતા ઉમેદવાર પત્ર ભરવા માટે હાજર નોતા કારણ કે ગુજરાતમાં તેમનો એક પણ નેતા કે આગેવાન જ નથી. દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી ૨૦૨૨ ગુજરાત વિધાનસભામાં પત્રકારોને કહ્યુ હતું કે લખી લેજો અમારી પાર્ટીની સરકાર બનવાની છે પરંતુ ૧૩૬ બેઠકો પર તેમના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી.

આ વખતે પણ બંને ઉમેદવાર ભાજપના જીતવાના છે. કડીમાં જંગી લીડ સાથે ભાજપના ઉમેદવાર જીતશે તેનો વિશ્વાસ છે. શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુંકે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સમર્થનમાં જ્યારે આખો દેશ સાથે હોય ત્યારે કડી અને વિસાવદરની પેટા ચૂંટણી સરળતાથી ભારતીય જનતા પાર્ટી જીતશે. દેશમા સેના દ્વારા આતંક વિરુદ્ધ ઓપરેશન સિદુંર ચલાવ્યા પછી દેશની જનતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથ વધુ મજબૂત કરવા ઈચ્છે છે. ભાજપની સરકાર પહેલા દેશની જનતાએ આતંકવાદ સામે કાર્યવાહીની અપેક્ષા રાખી ન હતી પરંતુ મોદી સાહેબના નેતૃત્વની કેન્દ્ર સરકાર છે ત્યારે જનતા જાણે છે કે મોદી હૈ તો મુમકીન હૈ.કોંગ્રેસની સરકાર વખતે દેશમાં આવુ વાતાવરણ ક્યારેય બન્યુ નહતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આપણી સેના મજબૂત છે તેના કારણે આતંકવાદને તેની ભાષામાં જવાબ આપી શકીએ છીએ જેના કારણે જનતાએ મન બનાવ્યુ છે કે મોદી સાહેબના હાથ મજબૂત કરવાના છે. આવનાર ચૂંટણીમાં કોઇ પણ વિરોધી રાજકીય પાર્ટીનો ઉમેદવાર તમારી સામે ઉભો ન રહે તેવી તાકાતનું પ્રદર્શન આપણે કરવાનું છે. આ કાર્યક્રમમાં પેટા ચૂંટણીના ઉમેદવારશ્રી રાજેન્દ્રભાઇ ચાવડાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમજ પ્રદેશના આગેવાનો દ્વારા પેટાચૂંટણીમાં ઉમેદવાર તરીકે પસદગી કરી છે ત્યારે આપ સૌને જંગી મતદાન થકી કમળ ખીલવવા અપીલ કરુ છું. આ કાર્યક્રમમાં રાજયનામંત્રીશ્રી રૂષીકેશભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, પહલગામમાં આતંકી હુમલા પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આતંકીઓને તેમની જ ભાષામાં જવાબ આપવા ઓપરેશન સિંદુર ચલાવી સિંદુરની રક્ષા માટેનો સંકલ્પ પ્રતિબદ્ધ કર્યો છે તેમજ વિકાસની યાત્રા પણ અવિરત ચલાવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તમામ સમાજને સાથે રાખીને જ્ઞાતિ-જાતિ નહી પણ વિકાસની રાજનીતી પ્રસ્થાપિત કરી છે. સંકલ્પ પત્રમાં કરેલી વાતના મુદ્દાઓનો હિસાબ પહેલાની રાજકીય પાર્ટીઓ કયારેય આપતી ન હતી. જનતાને કરેલા વચનોના હિસાબ આપવાની શરૂઆત સૌ પ્રથમ ગુજરાતથી થઇ હતી અને દેશમાં ૨૦૧૪થી થઇ. કડી વિધાનસભાના મતદારો સતત ભારતીય જનતા પાર્ટીને સમર્થનઆપતા આવ્યા છે અને તેનો લાભ કડીને મળ્યો છે. મહેસાણામાં તો કહેવત છે કે કડીએટલે સોનાની દડી.. અને હવે દડો બનાવવાનું કામ આપણે સૌએ કરવાનું છે. પેટા ચૂંટણીમાં દરેક મતદાર મતોની જંગી લીડ સાથે ભાજપને જીતાડશે તેવો વિશ્વાસ છે. આ કાર્યક્રમમાં પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ,પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ,રાજયનામંત્રીશ્રીઓ શ્રી જગદીભાઇ વિશ્વકર્મા,શ્રી હર્ષભાઇ સંઘવી, શ્રી મુકેશભાઇ પટેલ, જીલ્લા પ્રમુખશ્રી ગિરિશભાઇ રાજગોર, પ્રભારીશ્રી વર્ષાબેન દોષી, વિધાનસભાના પ્રભારીશ્રીઓ શ્રી સુરેશભાઇ પટેલ,શ્રી દશરથજી ઠાકોર,રાજયસભાના સાંસદશ્રી મંયકભાઇ નાયક,લોકસભાના સાંસદશ્રી હરિભાઇ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી મુકેશભાઇ પટેલ,શ્રી સુખાજી ઠાકોર,શ્રી સરદારભાઇ ચૌધરી,શ્રી કે.કે.પટેલ,શ્રી સી.જે.ચાવડા તેમજ ચેરમેન જીલ્લાબેક્રશ્રી વિનોદભાઇ પટેલ, ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી, પુર્વ સાંસદશ્રીઓ શ્રી નટુજીભાઇ ઠાકોર, શ્રી સાગરભાઇ રાયકા, શ્રી જુગલભાઇ લોખંડવાલા, પુર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી રમણભાઇ પટેલ,શ્રી અજમલભાઇ ઠાકોર,શ્રી રમેશભાઇ સોલંકી,શ્રી અમિતભાઇ શાહ,શ્રી જયશ્રીબેન પટેલ,શ્રી નંદાજી ઠાકોર,શ્રી લવીગજી ઠાકોર,શ્રી હર્ષદભાઇ પટેલ,શ્રી જીતુભાઇ પટેલ સહિત જીલ્લા અને પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર માં સંત નિરંકારી મિશન દ્વારા શનિવારે આધ્યાત્મિક સત્સંગ નું આયોજન થશે



કમલમ્,
સતગુરુ માતા સુદિક્ષાજી મહારાજ ની અસીમ કૃપાથી ગાંધીનગરના સેક્ટર ૨૨ માં આવેલા રંગમંચ મેદાન ખાતે તારીખ ૧૪ /૬ /૨૦૨૫ શનિવારના રોજ સાંજે ૭ થી ૯:૦૦ વાગ્યા સુધી સંત નિરંકારી મિશન દ્વારા એક જાહેર સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ સત્સંગમાં દિલ્હીથી ખાસ સંત નિરંકારી મંડળ પ્રચાર-પ્રસાર રાજસ્થાન-ગુજરાતના મેમ્બર ઈન્ચાર્જ મુરબ્બી શ્રી રાકેશજી મુટરેજા ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. તો આ સત્સંગ નો લાભ લેવા ગાંધીનગર ઝોનના ઝોનલ ઈન્ચાર્જ શ્રી સોહનબીરસિહજી બલિયાન (૯૫૩૬૭૦૩૪૮૭) તથા ગાંધીનગર બ્રાન્ચ ના મુખી મંછાબેનજી ચુગ (૭૪૦૫૧૫૫૭૦૨) દ્વારા તમામને વિનંતી કરવામાં આવેલ છે. સંત નિરંકારી મિશન કોઈ ધર્મ, પંથ કે સંપ્રદાય નથી. તે એક આધ્યાત્મિક વિચારધારા છે. નિરાકાર પ્રભુ પરમાત્મા ની જાણકારી પ્રાપ્ત કર્યા બાદ ભક્તિ કરી મર્યાદિત જીવન જીવવાની એક પદ્ધતિ છે. સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત માનવ સમાજને એક સૂત્રમાં બાંધી ને વિશ્વ બંધુત્વ અને વસુધૈવ કુટુમ્કમ નુંલક્ષ્ય એ જ મિશનનું ધ્યેય રહ્યું છે તેમ ગાંધીનગર ઝોનના મીડિયા સહાયક કનૈયાલાલ દેવાણી ની યાદીમાં જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં તા.૨૬ થી તા.૨૮ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજ્ય કક્ષાની બ્રિફિંગ બેઠકમાં ગાંધીનગર જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી સહિત અધિકારીઓ જોડાયા**



કમલમ્,
તા.૨૬ થી તા.૨૮ જૂન, ૨૦૨૫ (ગુરુવાર થી શનિવાર) દરમિયાન જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ યોજાશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજય કક્ષાની બ્રિફિંગ બેઠકમાં ગાંધીનગર નિવાસી અધિક કલેકટરશ્રી એન.આર શર્મા સહિત ગાંધીનગર જિલ્લા અને રાજયભરના અધિકારીશ્રીઓ ઓનલાઇન જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ગુજરાત માટે શિક્ષણનું મહત્વ અને શિક્ષણ ક્ષેત્રે લાવવાના સકારાત્મક પરિવર્તન સહિતની બાબતોને આવરી લઇ પ્રેરક ઉદબોધન કર્યુ હતુ. શિક્ષણ મંત્રીશ્રી અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓએ શિક્ષણ વિભાગની વિવિધ યોજનાકીય સહાય અને શિક્ષણ વિભાગની નેમ અને લક્ષ્યાંક અને ભાવિ આયોજનનો ચિત્તાર રજૂ કર્યો હતો. આ બેઠક અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પિયુષભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાના શાળા પ્રવેશોત્સવના આયોજનની વિગત જણાવી હતી. જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી , જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી , નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા મુખ્ય , નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સહિત વિવિધ કચેરીના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા અને તાલુકા કક્ષાએથી અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઓનલાઇન જોડાયા હતા.

## સદભાવના હોસ્પિટલ ખાતે જરૂરીયાતમંદોને નિ:શુલ્ક નિદાન કરી ‘દર્દી નારાયણની સેવા’ને પોતાનો જીવન મંત્ર બનાવવાનો નિર્ધાર વ્યકત કરતા ડો. મીત જાગાણી

**સદભાવના હોસ્પિટલ ખાતે દિલ્હીના ખ્યાતનામ યુરોસર્જન ડો.મીત જાગાણી ધ્વારા રોજ નિ:શુલ્ક ઓ.પી.ડી. સેવા અપાશે : જરૂરીયાતમંદોને લાભ લેવા અનુરોધ**



**દર્દીઓની દુઆ એક ડોકટર માટે સવર્શ્રેષ્ઠ અભિવાદન બની જાય છે અને એક ડોકટર તરીકે દર્દીઓનું સ્નેહસભર અભિવાદન મારૂ પ્રેરણાપૂંજ બની મને ગૌરવની અનુભૂતિ કરાવે છે : ડો. મીત જાગાણી**

કમલમ્,રાજકોટ
દર્દીઓની સારવારની સાથોસાથ સામાજિક દાયિત્વ નિભાવવું એ પણ તબીબી ધર્મ છે ત્યારે શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ સદભાવના હોસ્પિટલ ખાતે દિલ્હીના ખ્યાતનામ યુરોસર્જન ડો. મીત જાગાણી ધ્વારા જરૂરીયાતમંદ દર્દીઓ માટે તદનનિ:શૂલ્ક ઓ.પી.ડી. સેવા આપવામાં આવશે ત્યારે મૂળ સૌરાષ્ટ્રના એવા ડો. મીત જાગાણીએ સુરેન્દ્રનગર ખાતે સી.યુ. શાહ હોસ્પિટલ ખાતે એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી દિલ્હીની પ્રખ્યાત વેંકટેશ્વર હોસ્પિટલમાંથી યુરોસર્જનની ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કર્યા બાદ મૂત્રાશયના રોગોથી પીડાતા દર્દીઓની દરેક સમસ્યાઓનું નિદાન કરી આપવાનો નિર્ધાર વ્યકત કરેલ છે.ડો. મીત જાગાણી કિડનીની પથરી, પ્રોસ્ટેટ, પુરૂષોની જાતીય સમસ્યાઓ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કિડની મૂત્રાશય અને પ્રોસ્ટેટ, કિડનીના કેન્સર, બાળકોમાં પેશાબની તકલીફ અને પુરૂષોમાં શુક્રાણુઓની સમસ્યા જેવા રોગોના નિષ્ણાંત ડોકટર છે. આ તકે ડો. મીત જાગાણીએ જણાવેલ કે સમાજમાં કોઈ ધર્મ–જાતિ,સમુદાય કે માન્યતાઓની અનેક બેડીઓથી દૂર સંપૂર્ણ માનવ સમુદાયની સ્વાસ્થ્ય સેવાઓનો આધાર બનીને પ્રત્યેક દર્દીના જીવનને જીવંત રાખવા હરક્ષણ ઝઝુમતા ડોકટર માટે તેના દર્દીઓની દુઆ એક ડોકટર માટે સવર્શ્રેષ્ઠ અભિવાદન બની જાય છે ત્યારે એક ડોકટર તરીકે દર્દીઓનું સ્નેહસભર અભિવાદન મારૂ પ્રેરણાપૂંજ બની મને ગૌરવની અનુભૂતિ કરાવે છે. આ ઉપરાંત ડો. મીત જાગાણી જરૂરીયાતમંદ દર્દીઓને આયુષ્યમાન યોજના હેઠળ પથરી અને પ્રોસ્ટેટના ઓપરેશનો પણ સદભાવના હોસ્પિટલ ખાતે નિ:શુલ્ક કરી આપશે. તેમજ સદભાવના હોસ્પિટલ ખાતે મૂત્રમાર્ગના રોગો ઉપરાંત હરસ,મસા, ભગંદર, સારણગાંઠ અને એપેન્ડિકસ જેવા ઓપરેશનો પણ આયુષ્યમાન યોજના હેઠળ નિ:શુલ્ક કરી આપવામાં આવે છે. આમ સદભાવના હોસ્પિટલ ધ્વારા ડો. મિત જાગાણીના આ નિ:શૂલ્ક સેવાયજ્ઞનો લાભ લેવા મૂત્રાશયના રોગોની સમસ્યાથી પીડાતાં જરૂરીયાતમંદ દર્દીઓને અનુરોધ કરાયો છે અને મૂત્ર માર્ગને લગતી કોઈપણ સમસ્યા માટે ઈમરજન્સીમાં મોબાઈલ નં.૯૫૧૨૩૧૦૧૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે. આમ સદભાવના હોસ્પિટલ ખાતે રોજ આયુષ્યમાન કાર્ડધારક જરૂરીયાતમંદોને ડો. મીત જાગાણી ધ્વારા સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન નિ:શુલ્ક નિદાન કરી આપવામાં આવશે. તેમ અંતમાં ’દર્દી નારાયણની સેવા’ને પોતાનો જીવન મંત્ર બનાવવાનો નિર્ધાર વ્યકત કરતા ડો. મિત જાગાણીએ અંતમાં જણાવેલ હતું.

**સદભાવના હોસ્પિટલ ખાતે રોજ આયુષ્યમાન કાર્ડધારક જરૂરીયાતમંદોને ડો. મીત જાગાણી ધ્વારા સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન નિ:શુલ્ક નિદાન કરી આપવામાં આવશે**

# ગુજરાતના લોકોમાં સહકારનો વારસો, સહયોગ અને સેવા ભાવના છે, એ જ રાષ્ટ્રની પ્રગતિનો માર્ગ છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



સહકારી આગેવાનો પોતાના સ્વાર્થ માટે નહિ, પરંતુ પોતાની સંપૂર્ણ શક્તિ સાથે હરહંમેશ સૌના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેતા હોય છેઃ વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

### આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે રાજભવન ખાતે "સહકારથી સમૃદ્ધિ સંમેલન" યોજાયું











**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**

- ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારનો ભાવ છે
- ગુજરાતના લાખો ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને પર્યાવરણ, જમીન, હવા, પાણી અને લોકોનું સ્વાસ્થ્ય બચાવવાના મહાયજ્ઞમાં જોડાયા છે
- મોટાભાગના ખેડૂતો પ્રાકૃતિક કૃષિને ઓર્ગેનિક જૈવિક ખેતી સમજે છે એટલે તેમને ડર છે કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી ઉત્પાદન ઘટે છે

**મુખ્યમંત્રીશ્રી**

- શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી 'કો-ઓપરેટિવ એમોન્ગ કો-ઓપરેટિઝ'નો ઉમદા વિચાર સહકાર ક્ષેત્રને મળ્યો છે
- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગત ૧૧ વર્ષમાં થયેલા મહત્વપૂર્ણ નિર્ણયોમાંનો એક નિર્ણય અલાયદૂં સહકાર મંત્રાલય શરૂ કરવાનો છે
- ભારતની સહકારિતા ક્રાંતિમાંથી પ્રેરણા લઈને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ઉજવાઈ રહ્યું છે

કમલમ્,

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આજે રાજભવન-ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં "સહકારથી સમૃદ્ધિ સંમેલન" યોજાયું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલન પૂર્વે રાજ્યપાલ શ્રી અને મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ સંમેલન અંતર્ગત વિવિધ સહકારી મંડળીઓ દ્વારા લગાવવામાં આવેલી પ્રદર્શનીની મુલાકાત લઈને મંડળીના પ્રદર્શનકારો સાથે પ્રત્યક્ષ સંવાદ સાધ્યો હતો. સહકારથી એક શ્રેષ્ઠ વિશ્વનું નિર્માણ થાય છે'; આ થીમ સાથે આયોજિત સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ સહકારી આગેવાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે. અહીંના નાગરિકો માત્ર પોતાની પ્રગતિ માટે જ નહીં, પરંતુ પોતાની સાથેના લોકોની ઉન્નતિ માટે પણ કાર્ય કરે છે. તેમણે કહ્યું કે, દુનિયામાં એ જ લોકો સારા અને ઉમદા ગણાય છે, જે પોતાની સાથે અન્ય લોકોના કલ્યાણની ચિંતા કરે છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે – અમૂલ ડેરી. ગામડાંથી શરુ થયેલી નાની ડેરી આજે વિશ્વ કક્ષાએ ઓળખ મેળવી ચૂકી છે. તેમણે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને આહવાન કર્યું કે કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ કે અન્ય કોઈપણ ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરો અને લોકોના જીવનમાં સુધારો લાવવાનો સંકલ્પ લો. વેદોના ઉલ્લેખ સાથે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, બુદ્ધિશાળી અને સંસ્કારી લોકો એકસાથે સમાજના હિત માટે કાર્ય કરે તે જરૂરી છે. સમાજ સંગઠિત થયા વિના દેશ આગળ વધી શકે નહીં. સમજુ અને જ્ઞાની લોકોની ફરજ છે કે તેઓ સાથે મળીને ઊર્જા, સંપત્તિ અને સંસાધનોના વિસ્તરણ માટે પરસ્પર સહયોગી બને. તેમણે વધુમાં જણાવ્યું કે, ગામડાના છેવાળાના માનવી સુધી સહકારનો લાભ પહોંચાડવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે અને ગુજરાતના કુશળ સહકારી આગેવાન અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ આ મંત્રાલયનું સફળ નેતૃત્વ કરી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ તરીકે ઘોષિત કરવું એ પણ એના વૈશ્વિક મહત્ત્વનું ઉદાહરણ છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને તેમના કાર્યક્ષેત્રના વિસ્તાર માટે પ્રેરિત કરતાં કહ્યું કે, તમારી પાસે વર્ષોનો અનુભવ છે, તેનો ઉપયોગ કરી સહકાર ક્ષેત્રને વધુ ઉન્નત બનાવો. પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોની સરાહના કરતાં કહ્યું કે, ગુજરાતના લાખો ખેડૂતો હવે રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી બે ભિન્ન છે. પ્રાકૃતિક ખેતી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપે છે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા જમીન, પાણી, હવા અને લોકોના આરોગ્યનું રક્ષણ થાય છે. રાજ્યપાલશ્રીએ સહકારી મંડળીઓને ગુજરાતની ગૌશાળાઓ અને પાંજરાપોળ સાથે જોડાઈને જીવામૃત, ઘનજીવામૃત અને પ્રાકૃતિક જંતુનાશક ઉત્પાદનોનું ઉત્પાદન અને વિતરણ કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે આથી ગૌશાળાઓની આવક વધશે, ખેડૂત સમૃદ્ધ બનશે, પર્યાવરણ બચશે અને સમગ્ર દેશ માટે આ મોડેલ બની રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની સહકારિતા ક્રાંતિમાંથી પ્રેરણા લઈને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણીનો પ્રારંભ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી શરૂ કરાવ્યો હતો. એટલું જ નહિ, આ જ વર્ષે ગુજરાતની સહકારી પ્રવૃત્તિના પ્રણેતા શ્રી ત્રિભુવનદાસ પટેલના નામ સાથે દેશની પહેલી સહકારી યુનિવર્સિટીની વડાપ્રધાનશ્રીએ ભેટ આપી છે તેનાથી આ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી વધુ ગૌરવમય બનશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી 'કો-ઓપરેટિવ એમોન્ગ કો-ઓપરેટિઝ' એટલે કે સહકારિતામાં સહકારનો ઉમદા વિચાર સહકાર ક્ષેત્રને મળ્યો છે. આ વિચારમાં રાજ્યની બધી સહકારી સંસ્થાઓ પોતાના આર્થિક વ્યવહારો સહકારી સંસ્થાઓ સાથે જ કરે, દરેક પ્રાથમિક મંડળી, એ.પી.એમ.સી., હાઉસિંગ મંડળી, ડેરી વગેરે જેવી તમામ સંસ્થાના બેંક એકાઉન્ટ મધ્યસ્થ સહકારી બેંકમાં હોય, ઉપરાંત ધિરાણ લેવા માટે પણ સહકારી તંત્રનો જ ઉપયોગ થાય એવી પરસ્પર સહકારની ભાવના રહેલી છે. તેમણે વધુમાં કહ્યું કે, "સહકારના નાણાં સહકારમાં જ રહે" અને આ નાણાં સમગ્ર સહકારના વિકાસનો સ્રોત બને તો તમામ સંસ્થાઓ એકબીજાને ઉપયોગી થવાની સાથે પાયાના લોકોના ઉત્થાનમાં પણ મદદરૂપ થઈ શકે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન તરીકેના સેવા દાયિત્વને આજે ૧૧ વર્ષ પૂરાં થયા છે. તેમના કાર્યકાળમાં સેનાથી લઈને નાનામાં નાના કો-ઓપરેટિવ ઓર્ગેનાઈઝેશન સુધી સૌને સાથે લઈને ચાલવાની પરંપરા તેમણે વિકસાવી છે. તેમના જ દિશાદર્શનમાં દેશમાં સહકાર ભાવના પ્રબળ બની છે અને આઝાદી પછી પહેલીવાર અલાયદું સહકાર મંત્રાલય બન્યું છે અને તેનું સુકાન ગુજરાતના સહકારી અગ્રણી અને લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહનો સોંપ્યું છે. આ સહકાર મંત્રાલય શરૂ થતાં દેશમાં 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે સહકારી ક્ષેત્રને મળાખાકીય અને સંસ્થાગત સ્વરૂપ આપવાની શરૂઆત થઈ છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી અને સહકારિતાને એકબીજાના પૂરક ગણાવતા કહ્યું હતું કે, ખેતીને આવનારા દિવસોમાં ઉત્તમ અને ટકાઉ બનાવવા અને જમીન સુધારણા માટેનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી જ છે. વડાપ્રધાનશ્રીએ પણ વિકસિત ભારત માટે જનજાગૃતિ માટેના ૯ સંકલ્પો આપ્યાં છે તેમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા પર ભાર મૂક્યો છે તેનો પણ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. આ માટે વડપ્રધાનશ્રીએ આપેલા 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત વરસાદનું ટીપે ટીપું પાણી બચાવવા અને ખેતીમાં 'પર ડ્રોપ મોર ક્રોપ' માટે ડ્રીપ ઈરિગેશન સિંચાઈ પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત સૌ સહકારી આગેવાનોને "સફેદ કપડામાં સંત" તરીકે ઉદબોધતા કહ્યું હતું કે, આ સહકારી આગેવાનો પોતાના સ્વાર્થ માટે નહિ, પરંતુ પોતાની સંપૂર્ણ શક્તિ સાથે હરહંમેશ સૌના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ દેશમાં સહકારિતા ક્ષેત્રનો ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે પણ સહકારિતા ક્ષેત્રને મહત્વ આપીને વિવિધ હિતલક્ષી નિર્ણયો કર્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશમાં રાષ્ટ્રીય કક્ષાની ભારતીય બીજ સહકારી સમિતિની રચના કરવામાં આવી. જેમાં આજે ૧૪,૮૧૬ જેટલી સહકારી સંસ્થાઓ જોડાઈ છે. આ સંસ્થા દ્વારા આશરે ૩૮,૧૨૬ ક્વિન્ટલ બીજનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સંસ્થાનું આ વર્ષનું ટર્નઓવર આશરે રૂ. ૪૧.૫ કરોડ જેટલું નોંધાયું છે. આ ઉપરાંત બીજી રાષ્ટ્રીય કક્ષાની નેશનલ કોઓપરેટીવ ઓર્ગેનિક લી. સહકારી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પણ ૫,૦૦૦થી વધુ સંસ્થાઓ જોડાઈ છે. તેમણે ઉમેર્યું કે, ત્રીજી રાષ્ટ્રીય સહકારી સંસ્થા – નેશનલ કોઓપરેટીવ એક્સપોર્ટ લી.ની પણ સ્થાપના કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા સાથે અન્ય ૭,૭૦૦થી વધુ સહકારી સંસ્થાઓ જોડાઈ છે. આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં જ ૮.૧૫ લાખ મેટ્રિક ટન ચોખા-ખંડ-ઘઉંની વિદેશમાં નિકાસ કરવામાં આવી છે, જેનું મુલ્ય લગભગ રૂ. ૨,૦૦૦ કરોડથી વધુ થાય છે. આ વર્ષે પણ દ્રઝઈન દ્વારા આશરે રૂ. ૪,૧૨૧ કરોડની કિંમતની નિકાસ કરવાનો અંદાજ છે. શ્રી ચૌધરીએ તેમના ઉદબોધન દરમિયાન પ્રાકૃતિક કૃષિ, સહકારી ક્ષેત્રના વિકાસ અને સહકારી ક્ષેત્રના પોતાના અનુભવો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ઉપસ્થિત સૌ સહકારી આગેવાનોને સહકાર ક્ષેત્રના અવિરત વિકાસ માટે નવીન તકો અને નવા ક્ષેત્રોને શોધવા માટેના પ્રયાસો કરવા માટે અનુરોધ કર્યો હતો. સાથે જ, તેમના મહત્તમ સભાસદો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે પ્રયાસો કરવા માટે પણ તાકીદ કરી હતી. સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન તરીકે છેલ્લા ૧૧ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાઓને સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. તેમના આ વિઝનને પરિપૂર્ણ કરવામાં સહકાર વિભાગ પોતાનું મહત્તમ યોગદાન આપી રહ્યો છે. વડાપ્રધાનશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ બનેલા અલાયદા સહકાર મંત્રાલયે ખૂબ જ ટૂંકા ગાળામાં સહકારી ક્ષેત્રના વિકાસ માટે ૫૪થી વધુ નવતર પહેલો હાથ ધરી છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ શરુ થયેલી "કો ઓપરેશન એમોન્ગ કો ઓપરેટીવ" પહેલ હેઠળ પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટના ઘણા સારા પરિણામો જોવા મળ્યા છે.

સહકાર ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારે સહકારી મંડળીઓના સભાસદ માટે ડિવિડન્ડની મર્યાદા ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા સુધી કરી છે. સાથે જ, સભાસદ ભેટ મર્યાદામાં પણ ૬૬ ટકાથી ૧૫૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી કરોડો સભાસદોને તેનો સીધો લાભ મળી રહ્યો છે. આ ઉપરાંત હાઉસિંગ સોસાયટીમાં મકાન ટ્રાન્સફર વખતે ઉદભવતા ટ્રાન્સફર ફીના પ્રશ્નો અંગે પણ રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે રાજ્યના પ્રગતિશીલ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. એટલું જ નહિ, આ પ્રતિનિધિઓએ સહકારી ક્ષેત્ર અંગે પોતાના વિચારો અને અનુભવો પણ સૌની સમક્ષ રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત સરકારના સહકાર વિભાગના સચિવ શ્રી સંદીપ કુમાર, પ્રગતિશીલ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ, દૂધ સંઘ અને જિલ્લા સહકારી બેંકના પદાધિકારીઓ તેમજ સહકાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# CISF અને SBI વચ્ચે નવી સમજૂતી

## આકસ્મિક અવસાન અથવા ગંભીર અપંગતાના કિસ્સામાં નાણાકીય સહાય રૂ.એક કરોડ કરાઈ



કમલમ્,સુરત

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) વચ્ચે નવી દિલ્હી સ્થિત CISF મુખ્ય મથક ખાતે નાણાકીય સહકાર માટે નવી સમજૂતી કરાર (MoU) થયા છે. જેમાં CISFના DIG/Adm શ્રીમતી આર. નાંબિયાર અને SBIના કોર્પોરેટ સેન્ટર-મુંબઈના જનરલ મેનેજર શ્રીમતી રંજના સિંહાએ હસ્તાક્ષર કર્યા છે. CISF કલ્યાણ નિયામક મંડળ દ્વારા આ પગલું કર્મચારીઓના નાણાકીય કલ્યાણને સુરક્ષિત અને મજબૂત બનાવવા માટે લેવાયું છે.

કરાર મુજબ હવે દળના કોઈપણ સભ્યના આકસ્મિક અવસાન અથવા ગંભીર અપંગતાના કિસ્સામાં આપવામાં આવતી નાણાકીય સહાય રૂ. ૫૦ લાખથી વધારીને રૂ. ૧ કરોડ કરવામાં આવી છે. CISF જવાનો અને તેમના પરિવારજનોને વધુ આર્થિક સુરક્ષા મળશે. જે કેન્દ્ર સરકારની કર્મચારી કલ્યાણ માટે પ્રતિબદ્ધતાનું ઉદાહરણ પણ છે.